# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 07-04-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

*************************************************

- લોકસભા ચુંટણીનો જાહેર પ્રચાર વેગવાન બનતો જાય છે – વિવિધ રાજકીય પક્ષો દ્વારા જનસભા, રેલી સહિત અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- કેન્દ્રિય તપાસ બ્યૂરો – CBIએ શિશુઓની ગેરકાયદેસર હેરાફેરી માટેનું નેટવર્ક ખૂલ્લું પાડ્યું છે.
- પશ્ચિમ બંગાળના ભૂપતિનગર બ્લાસ્ટ કેસમાં NIAએ બે મુખ્ય કાવતરાખોરોની ધરપકડ કરી છે.
- કુવૈતના પ્રધાનમંત્રીએ તેમના મંત્રીમંડળનું રાજીનામું કુવૈત અમીરને સોંપ્યું
- IPLમાં આજે બે મેચ રમાશે મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે જ્યારે લખનઉ સુપર જાયન્ટ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BIHAR-PM-RALLY

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે બિહારના નવાદામાં ચૂંટણી રેલી કરશે. તેઓ એનડીએ ઉમેદવારના સમર્થનમાં જનસભાને સંબોધશે.

ભાજપના નેતાઓની સાથે એનડીએના અન્ય ઘટક પક્ષોના સભ્યો પણ રેલીમાં ભાગ લેશે. પ્રધાનમંત્રીના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. એક અઠવાડિયામાં પ્રધાનમંત્રીની આ બીજી રેલી છે. અગાઉ ચોથી એપ્રિલે તેમણે જમુઈ મતવિસ્તારથી બિહારમાં એનડીએના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી હતી.

ભાજપાએ પાર્ટીના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. સી.પી. ઠાકુરના પુત્ર વિવેક ઠાકુરને નવાદા સંસદીય મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતાર્યા છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ગયા, ઔરંગાબાદ અને જમુઈની સાથે નવાદા સંસદીય બેઠક માટે પણ મતદાન થશે.

-------------------------

# PM-MADHYA-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના જબલપુર મતવિસ્તારમાં રોડ શો દ્વારા લોકસભા ચૂંટણી માટે ભાજપના પ્રચારની શરૂઆત કરશે.

પાર્ટીના નેતાઓએ કહ્યું છે કે, તેઓ મંગળવારે બાલાઘાટમાં એક રેલીને સંબોધિત કરશે. પ્રધાનમંત્રીનો રોડ શો આજે સાંજે શહીદ ભગત સિંહ ચાર રસ્તાથી શરૂ થશે અને જબલપુરના ગોરખપુર વિસ્તારમાં આદિ શંકરાચાર્ય ચાર રસ્તા પર સમાપ્ત થશે. બાલાઘાટ અને જબલપુર બંને મતવિસ્તાર મધ્યપ્રદેશના મહાકૌશલ પ્રદેશ હેઠળ આવે છે, જેમાં નોંધપાત્ર આદિવાસી મતો છે.

2019ની લોકસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશની 29 બેઠકોમાંથી કોંગ્રેસે જીતેલી એકમાત્ર બેઠક છિંદવાડા પણ આ ક્ષેત્રમાં આવે છે. આ બેઠકો પર 19 એપ્રિલે મતદાન થવાનું છે.

------------------------

# CONGRESS TELANGANA

કોંગ્રેસ પક્ષે ગઈકાલે સાંજે તેલંગણાના રંગા રેડ્ડી જિલ્લાના થુક્કુગુડા ખાતે "જન જતારા" નામની જાહેર સભા સાથે ચૂંટણી અભિયાનની શરૂઆત કરી.

તેલુગુમાં પાર્ટીના ચૂંટણી ઢંઢેરાનું અનાવરણ કર્યા પછી એક વિશાળ જાહેર સભાને સંબોધતા, રાહુલ ગાંધીએ તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન આપેલા વચનો પ્રત્યે કોંગ્રેસ પક્ષની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

રોજગાર સર્જનના પ્રયાસો પર પ્રકાશ પાડતા રાહુલ ગાંધીએ ઉલ્લેખ કર્યો કે, તેલંગાણામાં કોંગ્રેસ સરકારે વધુ રોજગારીની તકો માટે 30 હજાર નોકરીઓની સુવિધા આપી છે. તેમણે વિવિધ ક્ષેત્રોમાં બેરોજગાર વ્યક્તિઓને તાલીમ અને દર વર્ષે એક લાખ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવા માટેની પહેલની રૂપરેખા પણ આપી હતી.

-------------------------

# NADDA-KOZHIKODE

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ગઇકાલે રાત્રે કેરળના કોઝિકોડમાં કોઝિકોડ સંસદીય મતવિસ્તારના પક્ષના ઉમેદવાર એમટી રમેશના સમર્થનમાં રોડ શો યોજ્યો હતો. રોડ શો બાદ પક્ષના કાર્યકરોને સંબોધતા શ્રી નડ્ડાએ કહ્યું કે, વિરોધ પક્ષો નેતાઓથી વંચિત છે, કારણ કે તેઓ કાં તો જેલમાં છે અથવા જામીન પર છે.

શ્રી નડ્ડાએ કેરળમાં યુડીએફ અને એલડીએફ બંને એક જ સિક્કાની બે બાજુ છે એમ કહેતા આક્ષેપ કર્યો હતો કે, તે બંનેને માત્ર ભ્રષ્ટાચારમાં રસ છે. ભાજપના નેતાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં "લૂંટશાહી" પ્રવર્તે છે, અને ઉમેર્યું હતું કે જો કે બે મોરચા સ્થાનિક સ્તરે એકબીજા સાથે લડે છે, રાષ્ટ્રીય સ્તરે તેમના હાથ મિલાવવાથી દંભ અને વૈચારિક મૂંઝવણનો અનુભવ થાય છે. તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષો દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને અન્ય સીમાંત વર્ગો સહિત સમાજના તમામ વર્ગોની કાળજી લીધી છે.

-------------------------

# CBI-INFANT-TRAFFICKERS

કેન્દ્રિય તપાસ બ્યૂરો – સીબીઆઈએ શિશુઓની ગેરકાયદેસર હેરાફેરી માટેનું નેટવર્ક ખૂલ્લું પાડ્યું છે. આ નેટવર્ક આખા ભારતમાંથી શિશુઓની ગેરકાયદેસર ધોરણે હેરાફેરી જેવી પ્રવૃત્તિમાં સંડોવાયેલું છે.

સીબીઆઈએ દિલ્હી અને હરિયાણામાં સાત સ્થળો પર દરોડા પાડ્યા અને શોધખોળ કાર્યવાહી કરી તે કાર્યવાહી દરમિયાન માત્ર દોઢ દિવસ અને 15 દિવસના બે બાળકો અને એક મહિનાની બાળકીને બચાવી લેવામાં આવ્યા છે. તે ઉપરાંત સાડા પાંચ લાખ રૂપિયા રોકડા અને અન્ય દસ્તાવેજો હાથ લાગ્યા છે. સીબીઆઈએ સાત આરોપીઓની ધરપકડ પણ કરી છે.

અત્યાર સુધીની તપાસ પરથી જાણવા મળ્યું છે કે, આરોપી જાહેરાતના માધ્યમથી ફેસબુક પેજ અને વોટ્સએપ ગ્રૂપ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પરથી દેશભરમાં બાળકને દત્તક લેવા માંગતા નિઃસંતાનના દંપત્તિઓ સાથે સંપર્ક સાધે છે.

આ ટોળકી કથિત રૂપે વાસ્તવિક માતા પિતાની સાથે સાથે સરોગેટ માતાઓ પાસેથી પણ બાળકો ખરીદે છે અને શિશુઓને બાળકદીઠ ચારથી છ લાખ રૂપિયાની કિંમતે વેચી મારે છે. આ આરોપી દત્તક લેવા સંબંધે બનાવટી દસ્તાવેજો બનાવીને કેટલાયે નિઃસંતાન દંપત્તિઓ પાસેથી લાખો રૂપિયાની ઠગાઈ કરવામાં પણ સામેલ છે.

------------------------

# WB-NIA-CUSTODY

પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગરમાં ગઇકાલે રાષ્ટ્રીય તપાસ સંસ્થા - NIAની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. ટીમ ત્યાં તપાસ અભિયાન માટે ગઈ હતી.

ડિસેમ્બર 2022ના ભૂપતિનગર બોમ્બ વિસ્ફોટના સંબંધમાં જ્યારે એજન્સીએ તૃણમૂલ કોંગ્રેસના બે સ્થાનિક નેતાઓને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમના

પર હુમલો કરવામાં આવ્યો. ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસના ત્રણ સ્થાનિક નેતાઓ બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયા હતા.

NIA આ કેસની તપાસ કરી રહી છે. NIA તેઓને કોલકાતા લઈ ગઈ છે તેઓને વિશેષ NIA કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ધરપકડ કરાયેલા મનબ્રત જાના અને બલાઈ ચરણ મૈતીનો ભૂપતિનગર બોમ્બ બ્લાસ્ટ સાથે સીધો સંબંધ છે. NIAએ અગાઉ પણ બે વખત આઠ લોકોને પૂછપરછ માટે બોલાવ્યા હતા. ગઇકાલે ધરપકડ કરાયેલા આઠ લોકોમાં આ લોકોનો પણ સમાવેશ થાય છે.

-------------------------

# KUWAIT-PM-RESIGNATION

કુવૈતના પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ સબા અલ-સાલેમ અલ-સબાએ ગઇકાલે તેમના મંત્રીમંડળનું રાજીનામું અમીર શેખ મિશાલ અલ-અહમદ અલ-જબર અલ-સબાને સોંપ્યું છે. ગુરુવારે નવી સંસદની ચૂંટણી બાદ આ રાજીનામું આવ્યું છે.

બંધારણના અનુચ્છેદ 57 મુજબ, નેશનલ એસેમ્બલીના દરેક વિધાનસભ્ય કાર્યકાળની શરૂઆતમાં નવી કેબિનેટની રચના કરવાની જોગવાઈ છે. વર્તમાન સરકારે વિધાનસભાના ઉદ્ઘાટન પહેલા રાજીનામું આપવું પડશે. તેમના રાજીનામા પહેલા ગઇકાલે મળેલી ખાસ બેઠકમાં કેબિનેટે 17મી એપ્રિલે 18મી વિધાનસભા કાર્યકાળનું પ્રથમ નિયમિત સત્ર બોલાવવા નેશનલ એસેમ્બલીને બોલાવતા કાયદાના ડ્રાફ્ટને મંજૂરી આપી હતી.

પ્રધાનમંત્રીએ કેબિનેટ વતી, અમીરના નેતૃત્વ અને સમર્થન માટે બેઠકમાં આભાર વ્યક્ત કરતા કહ્યું કે, રાજીનામું બંધારણીય માર્ગદર્શિકા અને લોકતાંત્રિક પ્રક્રિયાઓ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

કુવૈતી મતદારોએ ગુરુવારે નેશનલ એસેમ્બલીના સભ્યોને ચૂંટવા માટે મતદાન કરવાનું શરૂ કર્યું. મતગણતરી મુજબ 200 ઉમેદવારોના પૂલમાંથી એક મહિલા સહિત 50 પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી.

-------------------------

# INDIAN COSTGAURD

ભારતીય તટરક્ષક દળ જહાજ IGCS વીરાએ ગઈકાલે બંગાળની ખાડીમાં આંધ્રપ્રદેશના કિનારે 9 માછીમારોને બચાવ્યા હતા. આ માછીમારો ગંભીર રીતે દાઝી ગયા હતા જ્યારે તેમની બોટમાં આગ લાગી હતી અને દરિયામાં ડૂબી ગયા હતા.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ICGS વીરાએ પરિસ્થિતિમાંથી બચી ગયેલા લોકોને મદદ પૂરી પાડવા માટે તાત્કાલિક પગલાં લીધાં છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, બચાવાયેલા તમામ નવ લોકોને મેડિકલ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં તમામ ઇજાગ્રસ્ત માછીમારોને સારવાર માટે વિશાખાપટ્ટનમની કિંગ જ્યોર્જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ભારતીય તટરક્ષક દળ એ દરિયામાં માછીમારોને તેમજ દરિયામાં શોધ અને બચાવ માટે રાષ્ટ્રીય સંકલન એજન્સી સહાય પૂરી પાડતી મુખ્ય સંસ્થા છે.

------------------------

# IPL-CRICKET

IPLમાં આજે બે મેચ રમાશે મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બપોરે સાડા ત્રણ વાગે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે જ્યારે સાંજે સાડા સાત વાગે લખનઉ સુપર જાયન્ટ્સ લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી  વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો સામનો કરશે.

દરમ્યાન જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટે હરાવ્યું હતું. 184 રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 19 ઓવર અને 1 બોલમાં 4 વિકેટે 189 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી જોસ બટલરે અણનમ 100 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) માટે રીસ ટોપલેએ બે વિકેટ લીધી હતી જ્યારે યશ દયાલ અને મોહમ્મદ સિરાજે એક-એક વિકેટ લીધી હતી. પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 20 ઓવરમાં 3 વિકેટે 183 રન બનાવ્યા હતા.

આરસીબી માટે વિરાટ કોહલીએ 113 રન અને કેપ્ટન ડુ પ્લેસિસે 44 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી યુઝવેન્દ્ર ચહલે બે અને નાન્દ્રે બર્જરે એક વિકેટ ઝડપી હતી.

------------------------

# HOCKEY

હોકીમાં, ભારતીય પુરુષ ટીમ આજે ઓસ્ટ્રેલિયામાં પાંચ મેચોની શ્રેણીની બીજી મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. મેચ બપોરે 2.10 વાગ્યે શરૂ થશે. સીરિઝની શરૂઆતની મેચમાં ઓસ્ટ્રેલિયાએ ગઈકાલે ભારતને 5-1થી હરાવ્યું હતું. સીરીઝની ત્રીજી મેચ બુધવારે આ જ સ્થળે રમાશે.

------------------------

# FLIGHTS-CANCELLED-UK

બ્રિટનમાં કેથલીન વાવાઝોડું ત્રાટકતાં ગઇકાલે ડઝનબંધ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. જેના કારણે  મુસાફરો એડિનબર્ગ, બેલફાસ્ટ, માન્ચેસ્ટર અને બર્મિંગહામમાં ફસાયા હતા.

હવામાન વિભાગ દ્વારા ઇંગ્લેન્ડના ઉત્તર-પશ્ચિમ, દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તરી આયર્લૅન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સના કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ જારી કર્યા બાદ બ્રિટનના હવાઈમથક પર 130 થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. આ વાવાઝોડાને કારણે સમગ્ર બ્રિટનમાં તાપમાનમાં પણ વધારો થયો છે.

હવામાનની આગાહી અનુસાર, આ વાવાઝોડની  અસર આજે પણ ચાલુ રહેવાની સંભાવના છે. સ્કોટલેન્ડમાં ફ્લાઈટ્સ ઉપરાંત રેલવે અને ફેરી સેવાઓને પણ અસર થઈ છે.

------------------------

# ANTI-GOVT-PROTESTS-ISRAEL

ઇઝરાયેલમાં સરકાર વિરોધી પ્રદર્શનકારીઓએ રસ્તા ઉપર આવીને પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના રાજીનામાની માંગ કરી અને હમાસ સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે દેશમાં વહેલી ચૂંટણીની માંગણી કરી છે.

પ્રદર્શનકારીઓએ તેલ અવીવ, કૈસરિયા અને હાઇફાના રસ્તા ઉપર ઇઝરાયલી ધ્વજ લહેરાવ્યા અને બંધકોને મુક્ત કરવાની હાકલ કરી. વિરોધીઓ નેતન્યાહુના સંચાલન અને 7 ઓક્ટોબરથી ગાઝામાં બંધકોની મુક્તિ  પર વધતા જતાં અસંતોષને વ્યક્ત કરી રહ્યા છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, હજારો ઇઝરાયેલીઓએ  જેરૂસલેમમાં પ્રદર્શન કર્યું હતું, જેમાં પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના રાજીનામા અને ગાઝામાં બંધકોને મુક્ત કરવાની માંગણી કરી હતી.

------------------------